**Series : EFGH/S**

**Set – 4**

| Q.P. Code | 9/S |
|---|---|

**Roll No.**

Candidates must write the Q.P. Code on the title page of the answer-book.

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : 3 કલાક*
*Time allowed : 3 hours*

*કુલ અંક : 80*
*Maximum Marks : 80*

- આ પ્રશ્નપત્રમાં **11** પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો Q.P. કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તર-પુસ્તિકામાં અવશ્ય લખવાનો રહેશે.
- આ પ્રશ્નપત્રમાં **17** પ્રશ્નો છે તે તપાસી લેવું.
- **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા ઉત્તર-પુસ્તિકામાં યથા સ્થાન પર પ્રશ્ન સિરિયલ નંબર અચૂક લખવો.**
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકે થી 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયમાં ઉત્તર-પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.
- Please check that this question paper contains **11** printed pages.
- Q.P. Code given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **17** questions.
- **Please write down the Serial Number of the question in the answer-book at the given place before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the candidates will read the question paper only and will not write any answer on the answer-book during this period. #

***General Instructions :***

*(i)* *This question paper is divided into **2** parts. It has total **17** questions.*

*(ii)* ***Part – A** Questions no. **1** to **8**.*

*(iii)* ***Part – B** Questions no. **9** to **17**.*

*(iv)* *Attempt questions as per specific instructions.*

*(v)* *Please write question no. in the Answer Book before attempting it.*

***સામાન્ય સૂચનો :***

*(i)* *આ પ્રશ્નપત્ર **2** ભાગમાં વિભાજિત છે અને આમાં કુલ **17** પ્રશ્નો છે.*

*(ii)* ***વિભાગ – A** માં **1** થી **8** પ્રશ્નો છે.*

*(iii)* ***વિભાગ – B** માં **9** થી **17** પ્રશ્નો છે.*

*(iv)* *પ્રશ્નમાં આપેલી સૂચના મુજબ ઉત્તરો લખવા.*

*(v)* *પ્રશ્નો જવાબ લખતી વખતે પ્રશ્નક્રમાંક જરૂર લખો.*

## PART – A

### (Advanced Reading Skill)

**1.** નીચેનો ગદ્યખંડ વાંચી, તેને નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો. *5×1=5*

આળસ પરમેશ્વરના આપેલા હાથપગનું અપમાન છે. અંધ હોય તો મારે રોટલો આપવો જોઈએ અને એને પણ આઠેક કલાકનું કામ આપવું જોઈએ. એને હું કપાસ પીલવાનું કામ આપીશ. દરેક વ્યક્તિને તેને લગતું કામ આપી પછી રોટલો આપવો જોઈએ. આથી શ્રમની પૂજા થાય છે અને અન્નની પણ. આથી જેને તમે દાન આપો છો તે કંઈ સમાજસેવા કે ઉપયોગી કામ કરે છે કે નહિ એ પણ તમારે જોવું જોઈએ.

**પ્રશ્નો :**

I. લેખકના મતે આળસ એટલે શું ?

(A) હાથનું અપમાન (B) પગનું અપમાન

(C) અન્નનું અપમાન (D) હાથપગનું અપમાન

II. અંધ વ્યક્તિને કયુ કામ આપી શકાય ?

(A) ઘાસ કાપવાનું (B) કપાસ પીલવાનું

(C) ખેતી કરવાનું (D) ગીત ગાવાનું

III. શ્રમની પૂજા ક્યારે થાય ?

(A) કામ કરાવી રોટલો આપો ત્યારે

(B) માત્ર રોટલો આપવાથી

(C) માત્ર કામ કરાવવાથી

(D) દાન કરવાથી

IV. દાન આપનારે શું જોવું જોઈએ ?

(A) દાન લેનાર પગે લાગે છે કે નહીં

(B) દાન લેનાર પ્રશંસા કરે છે કે નહીં

(C) દાન લેનાર સમાજસેવા કરે છે કે નહીં

(D) ધન લેનાર ઉદાર છે કે નહીં

V. ફકરા માટે શીર્ષક પસંદ કરો.

(A) કર્મ એ જ દાન (B) ધર્મ એ જ કર્મ

(C) શ્રમ એ જ ધર્મ (D) દાન એ જ શ્રમ

**2.** નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. *5×1=5*

મનુષ્ય જીવન એટલે પુરુષાર્થ અને પ્રારબ્ધનો સુભગ સમન્વય. બંને ભેગા થાય તો મનુષ્ય સફળતાનાં અનેક શિખરો સર કરી શકે. બે વિચારસરણી જોવા મળે છે : પ્રારબ્ધવાદી અને પુરુષાર્થવાદી. પ્રારબ્ધવાદી મનુષ્યો પુરુષાર્થમાં શ્રદ્ધા રાખતા નથી. નસીબને જ મહત્ત્વ આપે છે. પુરુષાર્થ કરનારને કોઈવાર સફળતા ન પણ મળે. પણ તેથી હતાશ ન થવું. કોઈવાર સંજોગો પ્રતિકૂળ હોય તો પણ તેમ બને. પુરુષાર્થ જ પ્રારબ્ધને જગાડે છે. વિદ્યાર્થી પ્રારબ્ધને ભરોસે રહે તો તે નાપાસ થાય.

**પ્રશ્નો :**

I. મનુષ્યજીવન શેનો સમન્વય છે ?

II. જગતમાં કઈ બે વિચારસરણી જોવા મળે છે ?

III. પ્રારબ્ધવાદી મનુષ્યો કેવા વિચાર રાખે છે ?

IV. સંજોગો પ્રતિકૂળ હોય તો શું બને ?

V. વિદ્યાર્થી ક્યારે નાપાસ થાય ?

**3.** નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો : (કોઈપણ ***ચાર***) *4×1=4*

I. કૃષ્ણે કેવાં વસ્ત્રો પહેર્યાં છે ?

(A) કેસરી પીતાંબર જરકસી જામા

(B) પીળું પીતાંબર જરકસી જામા

(C) પીળું પીતાંબર આભલા જામા

(D) કેસરી જામા કાળું પીતાંબર

II. જીવનનૈયા હાલકડોલક થાય ત્યારે શું કરવું જોઈએ ?

(A) શ્રદ્ધા દીપક રાખવો (B) ધીરજ દીપક રાખવો

(C) નમ્રતા દીપક રાખવો (D) જીવન દીપક રાખવો

III. હાથમાં ઉષ્મા અને થડકો હોય તો શું થાય ?

(A) હાથનો ભાવ ભેળવાય (B) હાથ ગરમ થઈ જાય

(C) હૃદયનો ભાવ ભેળવાય (D) હૃદય બંધ થઈ જાય

IV. 'પ્રાણનો મિત્ર' વાર્તામાં આપણને શેની માવજત કરવાનું કહ્યું છે ?

(A) પર્યાવરણની (B) બલાઈની

(C) કાકીની (D) કાકાની

V. ફરવા જવા વિશે સર્વજ્ઞભાઈની છેલ્લી સલાહ કઈ હતી ?

(A) આગ્રા જ જવાય (B) ફરે તે ચરે

(C) આબુ જ જવાય (D) પૃથ્વીનો છેડો ઘર

VI. પશુપ્રેમ અને પરોપકારના મૂલ્યો કયા પાઠમાં છે ?

(A) સૂરજ તો બધે સરખો (B) પ્રાણનો મિત્ર

(C) ટિફિન (D) નથી

4. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (કોઈપણ ***ચાર***) *4×1=4*

I. 'હાથ' કાવ્યમાં કવિ બીજાની કઈ કઈ વસ્તુઓનું કામ નથી એમ કહે છે ?

II. 'જીવમાં જીવ આવ્યો' કાવ્યનો પ્રકાર કયો છે ?

III. 'પ્રાણનો મિત્ર' વાર્તાના મૂળ લેખક કોણ છે ?

IV. 'ટિફિન' પાઠમાં 'કાળવી' શબ્દ કોને માટે વપરાયો છે ?

V. ચુનીલાલ મડિયાની વાર્તાના મુખ્ય પાત્રનું નામ શું છે ?

VI. આધુનિક માણસની એકલતા અને નારીનું સંવેદન કયા કાવ્યમાં છે ?

**(Applied Grammar)**

5. સૂચના પ્રમાણે નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પો શોધીને જવાબ લખો : (કોઈપણ ***ચાર***) *4×1=4*

I. પૈડું સિંચવું – રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) શુકન કરવા (B) અપશુકન કરવા

(C) પાણી નાખવું (D) સિંચાઈ કરવી

II. આંજી નાખવું – અર્થ લખો.

(A) મેંશ આંજવી (B) છક કરી નાખવું

(C) રંગ આંજી દેવો (D) વાસણ માંજી નાખવું

III. વાળ ધોળા થઈ જવા – અર્થ લખો.

(A) શેમ્પૂથી વાળ ધોવા (B) ધોળા વાળ સફેદ થવા

(C) ઉંમર વધી જવી (D) ઉંમર ઘટી જવી

IV. છાતીમાં મોં ઘાલવું – અર્થ લખો.

(A) ચોધાર આંસુએ રડવું (B) કરમાઈ જવું

(C) શરમાઈ જવું (D) છુપાઈ જવું

V. કાળજાને કોરી ખાવું – અર્થ લખો.

(A) દુઃખની અનુભૂતિ થવી (B) સુખની અનુભૂતિ થવી

(C) કાળજાની અનુભૂતિ થવી (D) સાહસની અનુભૂતિ થવી

**6.** નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (કોઈપણ ***ચાર***) *4×1=4*

I. રીસાઈને ન બોલવું તે

(A) આખાબોલા (B) રીસામણ

(C) અબોલા (D) ગભરામણ

II. ઘર આગળની ઊંચી બેઠક

(A) બાંકડો (B) રવેશી

(C) ઓરડો (D) અગાસી

III. માથે બાંધવાનું લૂગડું

(A) મુગટ (B) ટોપી

(C) આંટો (D) ફેંટો

IV. ઘૂમરી લઈ વાતો પવન

(A) વંટોળ (B) વમળ

(C) વરસાદ (D) વીજળી

V. કળાકારીગરીવાળો ઉદ્યોગ

(A) કળાકીય (B) હુન્નર

(C) કારીગર (D) લઘુઉદ્યોગ

**7.** નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (કોઈપણ ***ચાર***) *4×1=4*

I. 'દાણ'નો સમાનાર્થી શબ્દ લખો.

(A) જકાત (B) આયાત

(C) નિર્યાત (D) તાકાત

II. 'પીયૂષ'નો સમાનાર્થી શબ્દ લખો.

(A) પપૈયું (B) પીળું

(C) અમૃત (D) ચરણામૃત

III. 'નવાંકુર' શબ્દનો સમાનાર્થી લખો.

(A) ફળફૂલ (B) નવો ફણગો

(C) જૂનો અંકુર (D) જૂનો ફણગો

IV. કયુ જોડકું વિરોધી શબ્દની રીતે યોગ્ય છે ?

(A) અંદર × નાનું (B) સ્મરણ × અસ્મરણ

(C) અજવાસ × પ્રકાશ (D) બીડેલું × ખુલ્લું

V. 'નૈતિક' શબ્દનું વિરોધી લખો.

(A) નવનાશ (B) નીતિનાશ

(C) નીતિવાન (D) અનૈતિક

**8.** સૂચના પ્રમાણે જવાબ લખો. (કોઈપણ ***ચાર***) *4×1=4*

I. કયુ વાક્ય ભાષાકીય રીતે સાચું છે ?

(A) ઘોડો ઝડપે તેજ છે. (B) ઘોડો ઝડપે દોડે છે.

(C) ઘોડો ઝડપથી દોડે છે. (D) ઘોડો તેજ ઝડપે છે.

II. કયુ વાક્ય ભાષાકીય રીતે સાચું છે ?

(A) રાજાએ સિપાહીને હુકુમ કર્યો.

(B) રાજાએ સિપાઈને હુકુમ કર્યો.

(C) રાજાએ સિપાઈથી હુકમ કર્યો.

(D) રાજાએ સિપાઈને હુકમ કર્યો.

III. અનુગ ઓળખો : ભારતના ખેલાડીઓ જીત્યા.

(A) ના (B) ઓ

(C) જીત્યા (D) ખેલાડી

IV. નામયોગી ઓળખો : સાધુ દ્વારા આશીર્વાદ અપાયા.

(A) અપાયા (B) દ્વારા

(C) સાધુ (D) આશીર્વાદ

V. નામયોગી ઓળખો : તે ચિત્તાની માફક દોડે છે.

(A) તે (B) માફક

(C) ની (D) છે

## PART – B

### (Literature)

**9.** નીચેનું કાવ્ય વાંચી નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ ***પાંચ***) *5×1=5*

વંટોળાતી પવન-ડમરી થૈ ઠરીઠામ અંતે,
ઝીણાં ફોરાં ઝરમર ઝર્યાં, જીવમાં જીવ આવ્યો.
હાંફીહાંફી વ્યથિત સઘળાં નીડ ઝૂલ્યાં હવામાં
આછા હેલે, પરણ પરણે ઊજળો રંગ કાઢ્યો.
તાતા તાપે ખદખદી રહ્યો રાફડો સાવ ધીરે-
ધીરે ચાલ્યો થડ પર ભીનાં ઝીણી લંગાર લૈને.

**પ્રશ્નો :**

I. પવન-ડમરી કયારે ઠરીઠામ થાય છે ?

II. હવામાં શું ઝૂલ્યું ?

III. ઊજળો રંગ કોણે કાઢ્યો ?

IV. રાફડાની સ્થિતિ કેવી હતી ?

V. થડ પર શું જોવા મળ્યું ?

VI. કાવ્યનું શીર્ષક લખો.

**10.** નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો : (કોઈપણ ***બે***) *2×2=4*

I. લીલ ઓઢીને પોઢ્યું તળાવ – હાઈકુમાં કવિ શું કહેવા માંગે છે ?

II. મીરાંબાઈએ કૃષ્ણની કઈકઈ લીલાઓ 'મોરલી' કાવ્યમાં વર્ણવી છે ?

III. ભૌતિક સાધનોથી એકલતા દૂર થાય ? – 'દીવાનખાના' કાવ્યને આધારે લખો.

IV. 'પૂર્ણ ઘડા' ના પ્રતીક દ્વારા કવિ શું કહેવા માંગે છે ?

**11.** નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો : (કોઈપણ ***એક***) *1×3=3*

I. 'સજાગતા એ જ પાત્રતા' – આ વિધાન 'તે બેસે અહીં' કાવ્ય દ્વારા ચર્ચો.

II. 'હાથ' માત્ર શરીરનું અંગ નથી, કંઈક વિશેષ છે – એવું કવિ નિરંજન ભગત કેવી રીતે વર્ણવે છે ?

III. 'વાદળ ટોચે પહોંચી વેરાઈ ગયું' – પંક્તિમાં વ્યક્ત થતો સંદેશ.

**12.** નીચેનો ગદ્યખંડ વાંચી પ્રશ્નોના જવાબ લખો. (કોઈપણ ***છ***) *6×1=6*

વિશ્વધર્મ પરિષદમાં વીરચંદ ગાંધીએ ભારતીય ધર્મો, એના રીતરિવાજો તથા એના તહેવારો પાછળ રહેલી વૈજ્ઞાનિકતાનો ખ્યાલ આપ્યો. એમના પ્રવચનોમાં સૌને ભારતીય જીવનશૈલી પ્રત્યેનો આદર અને રાષ્ટ્રભક્તિ જોવા મળી. તેમણે કહ્યું કે તમારે ત્યાં અબ્રાહમ લિંકન થયા છે, તો તમારા દેશમાં મહાન વિક્રમાદિત્ય અને સમ્રાટ અશોક થયા છે. તેમણે હેમચંદ્રાચાર્ય અને શ્રીમદ્ રાજચંદ્ર જેવી પ્રતિભાઓનો પશ્ચિમને પરિચય આપ્યો. તેમણે ભારતની યોગપ્રણાલી, આહારવિજ્ઞાન, શ્વાસવિજ્ઞાન જેવા વિષયો પર પ્રવચનો આપ્યાં. તેમણે સિધ્ધ કર્યું કે અમેરિકા ભારત પાસેથી ઘણી વૈચારિક અને આધ્યાત્મિક સામગ્રી મેળવી શકે તેમ છે.

I. વિશ્વધર્મ પરિષદમાં વીરચંદ ગાંધીએ શેનો ખ્યાલ આપ્યો ?

II. એમના પ્રવચનોમાં શું જોવા મળ્યું ?

III. તેમણે વિશ્વધર્મ પરિષદને શું કહ્યું ?

IV. તેમણે કઈ પ્રતિભાઓનો પરિચય આપ્યો ?

V. તેમણે કયા વિષયો પર પ્રવચનો આપ્યાં ?

VI. તેમણે શું સિધ્ધ કર્યું ?

VII. આ ફકરો જેમાં છે તે પાઠનું શીર્ષક લખો.

**13.** નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો : (કોઈપણ ***ત્રણ***) *3×2=6*

I. "સામગ્રી તો સમાજની છે ને !" પાઠમાં છેવટે લેખકને પોતાના દેશ માટે શો વિચાર આવે છે ?

II. સર્વજ્ઞભાઇ કયાકયા સ્થળો પરની કઈ કઈ વાનગીઓ વિશે જણાવે છે ?

III. બલાઈનો પ્રકૃતિપ્રેમ વર્ણવો.

IV. અમથીમા વિશે ત્રણ વાક્યો લખો.

V. પોર્ટુગલના પાદરીઓ દીવમાં કયા પ્રકારની પ્રવૃત્તિઓ કરતા હતા ?

VI. કાન્તિએ નાનપણમાં પથ્થર ફેંકેલો તે કોને વાગ્યો ? તેનું શું પરિણામ આવ્યું ?

**14.** નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો : (કોઈપણ ***બે***) *2×3=6*

I. રમઝુ મીર અને તેની શરણાઇ – બંને એકબીજા માટે કેવી રીતે પૂરક હતા તે સમજાવો.

II. 'ઝબકજયોત' પાઠમાં પિતા-પુત્રનો સંઘર્ષ કઇ રીતે વર્ણવાયો છે ?

III. જેઠીબાઈની પોર્ટુગલયાત્રા-કારણો અને પરિણામો વિશે લખો.

IV. 'પ્રાણનો મિત્ર' વાર્તાનું શીર્ષક કઇ રીતે યથાર્થ છે ? ચર્ચો.

**(Effective Writing Skill)**

**15.** નીચે આપેલા વિષયો પરથી કોઈ એક વિષય પર આશરે **120** શબ્દોમાં ફકરો લખો : *1×5=5*

I. સાર્વજનિક બગીચાની મુલાકાતે

મુદ્દા : પ્રસ્તાવના-બગીચાનું પ્રાકૃતિક સૌંદર્ય, બગીચાનું વાતાવરણ – સારા, ખરાબ અનુભવો – નાગરિકોની શિસ્ત – ઉપસંહાર

II. ચૂંટણીના મતદાનમથકે

મુદ્દા : પ્રસ્તાવના – મતદાનમથકનું વર્ણન – મતદાનની પ્રક્રિયા – વાતાવરણ – લોકોની વાતો – ઉપસંહાર

**16.** નીચે આપેલા મુદ્દાને આધારે બોધ અને શીર્ષક સાથે વાર્તા લખો : *1×6=6*

ચાર ચોર – ચોરી કરવા જવું – ખૂબ ધન મળવું – જંગલમાં નાસી જવું – ધનની વહેંચણી કઈ રીતે – બે ચોરનું મીઠાઈ ખરીદવા નગરમાં જવું – ઝેર ભેળવવું – જંગલમાં રહેલા બે ચોરોની યુક્તિ – મીઠાઈ લઈ આવેલાને કૂવામાં નાખવા – મીઠાઈ ખાવી – ઝેર ચડવું – બોધ

**17.** નીચે આપેલા વિષય પર પત્ર લખો. *1×5=5*

(a) તમારા વિસ્તારમાં વારંવાર વીજળી જતી રહે છે. તેનો ઉપાય કરવા અને તે અંગે કામ કરવા, પગલાં લેવા માટે અનુરોધ કરતો પત્ર અધિકારીને લખો.

**અથવા**

(b) 'જળ બચાવો, જીવન બચાવો' વિષય પર એક સચિત્ર જાહેરાત તૈયાર કરો.